

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*ચૂંટણી સમુદ્રમાં ફરી દબાણ ઊભું થયું છે,*
*ને પ્રચારનું હવામાન ફરી ઊભું થયુ છે,*
*ઊભું થયું છે વાતાવરણ ફરી હૂંસાતૂંસીનું*
*સત્તાનું વરસાદી તોફાન ફરી ઊભું થયું છે.*

### હાઈકુ

*રોજ બરોજ*
*થશે હવે વિકાસ*
*ચૂંટણીલક્ષી*

*દેશના વડા*
*છે પ્રચારપ્રધાન*
*પક્ષના પણ*

### ચિંતન

**આચાર્યત્ પાદમેકં સ્યાત્ પાદં સબ્રહ્મચારિભિઃ ।**
**પાદં તુ મેધયા જ્ઞેયં શેષં, કલાને પચ્યતે ॥**

**ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાવલી' માંથી લેવામાં આવેલ છે.**

**વિદ્યાનો ચોથો ભાગ જ ગુરુ પાસેથી મળે છે, બીજો ચતુર્થાંશ ભાગ સહઅધ્યાયીયો સાથે વિચારવિમર્શ કરવાથી, ત્રીજો અંશ ભણનારની પોતાની બુદ્ધિથી અને ચોથો અંશ તો સમય જતાં અનુભવથી પરિપક્વતા થતાં જ, પ્રાપ્ત થાય છે, વિદ્વાનોએ અનુભવથી જ ઘડાય છે.**

**શાળા કાલેજોમાંથી જે ભણતર થાય છે એ તો શિક્ષણ કે તાલીમનો ચોથો ભાગ જ છે.**

**બીજો ૧/૪ ચતુર્થાંસ પાસેથી સારી-ખરાબ ટેવો અને સંસ્કાર રુપે મળે છે. સારા મિત્રો મળી જાય તો સદ્ભાગ્ય નહીં તો ફૂંકણીયાં !!**

**ત્રીજો ચોથો ભાગ ભણનારના પોતાના ઉત્સાહ અને આવડતથી મળે છે. આળસુના પીર એ ગૂમાવે છે અને ચોથો ભાગ માનવી જીવન દ્વારા અનુભવે - ઠોકરો ખાઈ જાતે જ શીખે છે.**

### સુવિચાર

- જે કારણ વગર ગુસ્સે થાય કે કારણ વગર પ્રસન્ન થાય, તો તેનાથી ચેતજો - **વિદુર**
- પૂર્વગ્રહ એ અજ્ઞાનનું સંતાન છે - **વિલયમ હેઝલીટ**
- મુઝે ગિરાને વાલોં તુમ્હારા શુક્રિયા, તુમ્હારી વજહ સે મૈંને સંભલના સીખ લીયા - **જીવન સાધના**
- ન્યોછાવરી પણ નિર્દોષ, સાત્ત્વિક અને સ્વૈચ્છિક હોવી જોઈએ, છેતરપીડીં કે વિશ્વાસઘાત વાળી નહીં - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- જેમ પવન મજબૂત શિલાને જરા પણ હલાવી શકતો નથી, તેમ બુદ્ધિમાનને વખાણ કે નિંદા કંઈ જ ચલિત કરી શકતા નથી - **ધમ્મપદ**
- માનવી માત્ર 'સુશિક્ષિત' હોય એ પૂરતું નથી, એ 'સુજ્ઞ' પણ હોવો જોઈએ - **ચિત્રલેખા**
- આજનું ઔષધ : દહીમાં મેથીના ચપટી જેટલા દાણા મિક્ષરમાં વાટી બાળકને ચમચી સવાર-સાંજ ચટાડવાથી બાળકની ભૂખ ખૂલે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચતૂર વાણિયાને એંસી વરસ થઈ ગયાહતા. છતાં ધંધામાં એમની ચતુરાઈની કોઈ મિસાલ નો'તી. એકવાર તબિયત લથડી. એમને થયું હવે આજકાલમાં યમદૂતો આવશે. એમણે માંદગીમાં પણ યુક્તિ વિચારીને જ રાખી હતી. યમદૂતો આવ્યા. વાણિયાએ ચતૂરાઈ વાપરીને પોતાની જાતને કહ્યું, 'ભલે ને આવ્યા યમરાજના દૂતો. પણ આ પળ-બેપળ હું પાર કરી જાઉં તો બચી જાઉં.' એમણે યમદૂતોને કહ્યું, 'મહારાજ તમે મને લેવા તો આવ્યા છો પણ તમારી કંઈક ભૂલ થતી હોય એવું લાગે છે. કારણ કે મારી જ શેરીના છેલ્લા ઘરે મારાથી પાંચ વર્ષ મોટા એક બીમાર સજ્જન ક્યારનાય મૃત્યુની રાહ જોઈ રહ્યા છે. કદાચ તમે એમને લેવા આવ્યા હશો. અને નહીં તો મારા ઘરની પાછળની બાજુએ એક ડોશી છે કે જેને ડૉક્ટરોએ કહ્યું છે કે તું બે દિવસની મહેમાન છે... એટલે મારી તમને નમ્ર વિનંતી છે કે એક વાર ફરી પાકું કરીને જેની આવરદા પૂરી થતી હોય એને લઈ જાઓ.' યમદૂતો મુંઝવણમાં મૂકાઈ ગયા અને દોડ્યા યમરાજા પાસે. જઈને બધી વાત કરી. યમરાજા વાણિયાની ચતુરાઈ સમજી ગયા. યમરાજા બોલ્યા, 'અરે મારા નાદાન દૂતો, પૃથ્વીનો આ ચતુર વાણીયો તમારી પાસેથી સમય ચોરી ગયો. હવે એના મૃત્યુની ઘડી ગી. આજે છે એવા એના ગ્રહો હવે બીજા વીસ વરસ પછી આવશે ત્યાં સુધી તમારે એની રાહ જોવી પડશે.' આજ કારણે કહેવાય છે કે, 'અણી ચૂક્યો સો વરસ જીવે' જીવનમાં આવા કેટલાક મુશ્કેલ સમયે ધીરજ ધરીએ તો એને પાર કરી શકીએ છીએ.

# કંગના કે કલાક્ષેત્રની રાષ્ટ્રીય વિડંબના!

**તંત્રીસ્થાનેથી...**

અભિનય ક્ષેત્રે પ્રતિષ્ઠા મેળવી પદ્મશ્રી જેવા રાષ્ટ્રીય સન્માનથી અલંકૃત થયેલ કંગના રાનૌત (રાણાવત વધારે સાચી અટક છે) કોઈને કોઈ મુદ્દે ચર્ચાસ્પદ બનતી રહી છે. ભારતીય જનતા પાર્ટી સાથે એ વિચારધારાની રૂએ જોડાયેલી છે એની સામે કોઈને વાંધો ન હોવો જોઈએ. પરંતુ એની ઉદ્દંડ અને બેફામ વાણી સામે તો વાંધો લેવાનો વરુણ ગાંધી જેવા ગાંધી પરિવારની નિકટતા છોડી ભારતીય જનતા પાર્ટીમાં માતા મેનકા સાથે જોડાઈ સાંસદ બનનારા ભારતીય નાગરિકને પણ અધિકાર હોવો જ જોઈએ. કંગનાનાં કેટલાક ઊડઝૂંડ નિવેદનો પછી ત્રણ પૈડા વાળી મહારાષ્ટ્ર રાજ્ય સરકારે અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને એની વિરુદ્ધ કડક કાર્યવાહી કરેલી ત્યારે એ અદાલતમાં પહોંચી ગઈ હતી. અદાલતે એની તોડી પડાયેલી પ્રોપર્ટીનું વળતર ચૂકવવા આદેશ કર્યો હતો. હવે આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીનાં મહિલા સદસ્યે કંગના વિરુદ્ધ કમ્મર કરી છે. એની સામે દેશદ્રોહની કલમ લગાવવાની આડકતરી માગણી તો વરુણ ગાંધીના નિવેદનમાં પણ સ્પષ્ટ રીતે વાંચી શકાય છે. કંગના રાષ્ટ્રીય મીડિયા નેટવર્ક સમક્ષ બેફામ ભાષામાં બોલી છે જે કોઈ પણ માપદંડથી માપતાં માફ કરી શકાય એવું નથી. એણે મોદી આણિ મંડળીની ખુશામત કરવા માટે કરેલું વિધાન ખુદ મોદીને પસંદ નહીં પડ્યું હોય. મોદી પોતે ગાંધીજીના પ્રશંસક છે અને ગાંધી પ્રેરિત ખાદી પહેરે છે, સફાઈ કાર્યક્રમને અગ્રતાક્રમે મૂકે છે, શોષિતો-વંચિતોને સારું જીવનધોરણ ઉપલબ્ધ થાય એવી યોજનાઓ અમલી બનાવે છે. કંગના ગાંધીજીની આઝાદીની ચળવળને ધિક્કારની નજરે જુએ છે. અંગ્રેજો પાસેથી માંગ ભીખીને લીધેલી આઝાદીનો પગલે ૨૦૧૪ પહેલાનાં શાસનને એ અંગ્રેજી શાસનનું જ એક્સ્ટેન્શન માને છે. એની આવી બેબાક રજૂઆતને રાષ્ટ્રપિતાનું અને સ્વાતંત્ર્ય સૈનિકોનું અપમાન ગણી સરકાર ઈચ્છે તો એની સામે જરૂર દેશદ્રોહનો ગુનો લગાડી શકે. જોકે મોદી પ્રશંસક કંગના વિરુદ્ધ કશી કાર્યવાહી થવાની સંભાવના નહીંવત જ છે. વરુણ ગાંધીએ નીડરતાપૂર્વક સવાલ કર્યો છે : આને પાગલપન કહેવું કે દેશદ્રોહ ? જરા નિરાંત જીવે વિચારતાં એમ જ લાગે કે અભિનેત્રીનું મગજ ફરી ગયું છે. એ ગમે ત્યારે ગમે તે મહાનુભાવ વિશે ગમે તેવી ગલીચ ભાષા વાપરી શકે છે. એને મન આ 'બોલ્ડનેસ' હશે પણ હકીકતમાં એની અવિવેકભરી રજૂઆતોને કારણે એ વધુને વધુ અપ્રિય બની રહી છે. સરકારે એને કલા ક્ષેત્રની કામગીરી માટે આપેલ પદ્મશ્રી સમ્માન પરત લઈ લેવું જોઈએ અને એનો દેશદ્રોહની કલમ લગાવી જેલના સળિયા પાછળ ધકેલી દેવી જોઈએ એવી રજૂઆતો લેફ્ટ લિબ્રલ ગેંગ દ્વારા થવા લાગી છે. આખરે રાષ્ટ્રીય સમ્માનથી પુરસ્કૃત થયેલ મહાનુભાવ પાસે વધુ નહીં તો વાણીના વિવેકની અપેક્ષા તો રહે જ. કંગના પાસે એવી અપેક્ષા રાખવી નિરર્થક છે. બોલીવુડમાં પણ એ અપ્રિય બની ચૂકી છે. ખરેખર તો એનું સ્થાન મેન્ટલ હોસ્પિટલમાં હોવું જોઈએ એની જગ્યાએ એને માનભેર રાષ્ટ્રપતિ ભવનમાં નોતરી પદ્મશ્રી અલંકરણ અપાય છે તે આપણી લોકશાહીની વિડંબના છે. ફક્ત પાર્ટીલાઈન વાળી હોવાને કારણે અને નહેરુ ગાંધી પરિવાર વિરુદ્ધ ગલીચ ભાષામાં વાણી વિલાસ કરવાને કારણે આવી વ્યક્તિઓ લાઈમ લાઈટમાં રહેતી હોય તો પાર્ટીએ પણ વેળાસર એવી વ્યક્તિઓથી એક દૂરી બનાવી દેવાની જરૂર છે. ૧૯૪૭ની આઝાદી ભીખમાં નહોતી મળી. એને પાછળ ગાંધી સહિત અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓની જિંદગીઓ હોમાઈ હતી. ભગતસિંહ જેવાઓને ફાંસી થઈ હતી. કંગનાને એ ઈતિહાસ સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. એને ભારતના બંધારણ માટે કોઈ સન્માન નથી. એ ફક્ત મોદીની અંધભક્ત છે. આવા અંધભકતો જ નેતાઓની ઊંચેરી ઈમેજને કયારેક ન પુરાય એવી ક્ષતિ પહોંચાડતા હોય છે. કંગના ભારતીય જનતા પાર્ટી માટે અસ્કામત નહીં પણ અનુપમ ખેરનું એ વરવું એક્સ્ટેન્શન છે.

# શિયાળામાં સ્વાઈન ફ્લુ જેવા રોગોથી સાવધાન રહીએ....



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર

દરેક દિવાળી આવવાથી દરેક મનુષ્યને જુદી જુદી અસર થાય છે ? જેમ કે જે લોકો નોકરી કરતા હોય તે બધાને બોનસ મળે છે. જે લોકો વેપારી છે એ પોતાના ત્યાં કામ કરતાં દરેક કર્મચારીને સારું કામ કરવા બદલ બોનસ આપતા હોય છે. સારું કામ કરવા વાળા સારું બોનસ મળે. નબળું કામ કરવાવાળાને નબળું બોનસ મળે. આમાં કઈ લખવા જેવું હોય નહીં છતાં પણ લખવું પડે. હવે ગમે તેટલું બોનસ કર્મચારીને મળે છતાં માનવ સ્વભાવ પ્રમાણે ઓછું જ લાગે. આ બધી વાસ્તવિકતા છે. છતાં પણ લોકો પોતપોતાની રીતે મેનેજ કરતાં હોય છે. કોરોના પછી આ સારી દિવાળી હતી. છતાં પણ લોકો હજુ કોરોના ભયમુક્ત થયા નથી. હજુ કેરાલા, મહારાષ્ટ્ર અને બહારના દેશોમાં પણ ચાઈના, રશિયા અને અમેરિકા વગેરે દેશોમાં પણ કોરોના વધવા માંડ્યો છે. હવે ભારતમાં લગભગ કોરોના વધવાની શકયતા ઓછી છે. આપણા દેશમાં કોરોના પતી જવાની તૈયારીમાં છે. હવે શિયાળાના આગમનની તૈયારી છે. અને દરેક શિયાળામાં સ્વાઈન ફ્લુ, એટલે કે $H_1N_1$ ની શક્યતાઓ વધવાની છે. એટલે કે હવે તાવ આવે તો ન્યુમોનિયા, કોરોના અને સ્વાઈન ફ્લુના ટેસ્ટ કરાવાની શકયતા વધી જશે. એટલે શક્યતાઓ છે પણ આપણે સાવધાની રાખવાની જરૂર છે. જેનાથી કોરોના કંટ્રોલ કર્યો છે. એવી જ રીતે સ્વાઈન ફ્લુ પણ વધારે પ્રમાણમાં ન ફેલાય તેની તકેદારી પણ રાખવી પડશે. જેમ કોરોનાની રસી અભિયાન સફળ રહ્યું છે. એવી જ રીતે સ્વાઈન ફ્લુની રસીકરણ પણ સફળ રહે. આવું ડાહ્યાલાલ, ગાંડાલાલને કહી રહ્યા હતા. ગાંડાલાલથી હવે રહેવાયું નહીં. હવે આ કંઈ જીવન છે. એકમાંથી છૂટો એટલે બીજામાં પકડાવ. કોરોના, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વાયરલ ઈન્ફેકશન, કમળો. આ બધા રોગોની સામે લડવાનું અને પાછું નવું સ્વાઈન ફ્લુ એટલે માનવ જીવન ખૂબ અઘરું થઈ ગયું છે. રોજ કોઈ પણ પ્રકારનો રોગ ન થાય એ માટે જીવાનું. આની રસી લો અને પેલાની રસી લો. કશું ધ્યાન રાખવાનું જ નહીં કોઈ જીવન જ નહીં.

ઘરમાં પણ ઘણા પ્રશ્નો છે. છોકરાઓ માનતા નથી. જયાં જુઓ ત્યાં અસંતોષ, બોનસમાં પણ તકલીફ, ઘરમાં પણ તકલીફ, રોગમાં તકલીફ. જાણે વિશ્વમાં કોઈ માણસ સુખી નથી. ચારેબાજુ દુઃખ, નિરાશા અને અસંતોષની જવાળામુખી ફાટી નીકળ્યો છે. આત્મહત્યા કરવાના દુઃખદ પ્રસંગો અને કસમયે મરવાનાના દુઃખદ પ્રશ્નો વધતા જાય છે. છતાં પણ અમુક સમયે અમુક માણસો જ બેઈણાન હોય છે તે બે નંબરના પૈસાથી સરકારને છેતરીન આજુબાજુના સર્કલને છેતરીને બેઈમાનીથી પૈસા કમાઈને પૈસાના ખોટા આડંબરથી લોકોને છેતરે છે. શું કરવું એ કોઈને ખબર પડતી નથી. જાણે માનવતા મરી પરવારી છે. દરેક માણસ મથ્યા કરે છે. છતાં પણ કોઈ સુખી નથી. સાધુ હોય, સંત હોય સાચો માનવ કે ખોટો માણસ હોય બધા જ બહુ ખરાબ રીતે જીવે છે. દરેકને પોતપોતાના પ્રશ્નો છે. દરેક મનુષ્ય એવું માની રહ્યો છે કે મારી જોડે અન્યાય થઈ રહ્યો છે. ઘણા નફ્ફટ માણસો પણ હોય છે. અથવા સ્વાર્થી માણસો પણ હોય છે. જે લોકોને લુચ્ચાઈ પસંદ હોય છે. એવા લોકો અભિમાનમાં મસ્ત હોય છે. એમને સત્ય, અસત્યની પડી જ નથી હોતી.

અત્યારે ચારેબાજુ આ પ્રકારની માનસિકતા દેખાઈ રહી છે. પણ દિવાળી આવી છે. નવી રોશની લાવી છે. નવા ઉંમગ લાવી છે. નવા વિચારો લાવી છે. આ વર્ષ એવું શરુ થાય કે દરેક પોતપોતાના વિચારેલા સારા નિર્ણયો માનવજાતના લાભના કામો કરે, દુઃખ દૂર થાય. અભિમાન ઘટે, સ્વાઈન ફ્લુ જેવા રોગ આપણી ઉપર હાવી ન થાય એવી ભગવાનને પ્રાર્થના કરીએ અને એવા સૂર્યનો ઉદય થાય કે પૃથ્વી પરનો દરેક મનુષ્ય દુઃખ રહિત આનંદમાં પોતાનું જીવન પૂરું કરે.

# નૂતન વર્ષને નૂતન દ્રષ્ટિકોણથી આવકારીએ



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

નૂતન વર્ષને આવકારવાનો સમય છે. વિતેલા છેલ્લા બે વર્ષ ઘણાં અસાધારણ પડકાર તથા અપૂર્વ સ્થિતિવાળા રહ્યા. નૂતન વર્ષના ધવલ પ્રકાશે આજની સ્થિતિમાં જોઈએ તો ભવિષ્યનો સમય છેલ્લા બે વર્ષના પ્રમાણમાં અનુકૂળ હશે તેમ માનવા મન લલચાયા કરે છે. રેઈનર મારિયા રિલ્કેની કવિતામાં જે ભવિષ્યના ગુલાબી સ્વપ્નની કલ્પના કરી છે તેવી લાગણી આપણાં સૌના મનમાં પણ છે. કવિ રિલ્કેના આ શબ્દો સાંઇ મકરંદે આપણી ભાષામાં સુંદર રીતે ઉતાર્યા છે.

સર્વ પાછું સબળ બનશે
ને મહત્તા ધારશે
સાગરો સૌ લહેરાતાં ને
ભોમકા સમતળ થશે.
ને થશે ઘેઘૂર વૃક્ષો
વાડી નીચી ખીણમાં
લોક કેરા જૂથ
ભાતીગળ અને ભડ જાગશે.

છેલ્લા બે વર્ષનો મોટાભાગનો સમય વ્યક્તિગત તેમજ સામુદાયીક રીતે કષ્ટદાયક રહ્યો. સામાજિક જીવનના અનેક તાણાંવાણાં નબળા પડ્યા કે વિખરાઇ ગયા. જે સ્થિતિની કદી કલ્પના પણ ન કરી હતી તેવી સ્થિતિ નજરોનજર નીહાળવી પડી. દરેક અપ્રિય ઘટના જીવનમાં કોઇ ને કોઇ સમજ કે નવા દ્રષ્ટિકોણનો ઉમેરો કરતી હોય છે. જેની લાંબાગાળાની ઉપયોગિતા ભવિષ્યને વધારે સલામત બનાવવા માટે કરી શકાય. આ મહામારીને કારણે પણ કેટલીક નવી પરંતુ આવકારદાયક બાબતોએ સંજોગોને આધિન આપણાં જીવનમાં પ્રવેશ કર્યો.

આપણાં ઘણાં વયસ્ક લોકો મહદ અંશે ગતાનુગતિક્તાથી કેટલીક સારી પણ નવી બાબતો દિલથી આવકારી શકતા નથી.આજની ટેકનોલોજી બાબતમાં પણ કેટલીકવાર આવું જોવા મળે છે. કિશોર – કિશોરીઓ સતત મોબાઇલમાં ગૂંચવાયેલા રહે તેની અકળામણ ઘણાં વયસ્કો અનુભવે છે. પરંતુ આ નાનું સરખું સાધન કોરોના કાળમાં 'જાદુઇ ચીરાગલ્ર જેવું સાબિત થયું. એક મોટી હોસ્પિટલના વહીવટ સાથે હું જોડાયેલો છું. આથી નજરોનજર એ જોઇ શકાયું કે કોરોના પેશન્ટ સાથે કોઇ હોસ્પિટલના કર્મચારી વૃધ્ધ કે યુવાન પેશન્ટના કુટુંબીજનો સાથે વીડીયો કોલના માધ્યમથી વાત કરાવે તો પેશન્ટના મો પર અસાધારણ આનંદ તથા રાહતનો ભાવ સ્પષ્ટ રીતે જોઇ શકાતો હતો. સામી બાજુ ફોન પર વાત કરનાર કુટુંબીજનને પણ દર્દીના હાલ હવાલની વાસ્તવિક સ્થિતિ નજરોનજર જોવા મળી જતી હતી. દર્દી પાસે જવાની ઈચ્છા હોવા છતાં આ રોગમાં જઇ શકાતું નથી તેનો એક ઊંડો અફસોસ દર્દીના સગાવહાલાના મનમાં રહ્યા કરતો હતો. આ મર્યાદા સામે મોબાઇલે જાણે કે એક બ્રીજ બનીને સુંદર અનુસંધાન કરી દીધું. બાબત કદાચ નાની લાગે પરંતુ તે સમયે જેમણે આ બાબતની પ્રતિતિ કરી હતી તેમને માટે આ સુખદ સંસ્મરણો જીવન પર્યંત રહેવાના છે. ટેકનોલોજી સિવાય આ વ્યવસ્થા અન્ય કોઇપણ રીતે કરવી શક્ય ન હતી. આથી મોબાઇલ કે ઇન્ટરનેટ જેવા હાથવગા સાધનોનો વિશેષ અસકારક ઉપયોગ કેમ કરી શકાય તે વિચારવા જેવી બાબત છે. તેના તરફ સૂગ રાખવી તે બાબત હાલના સંજોગોમાં અપ્રસ્તુત છે. તેના ઉપયોગમાં અતિરેક ભલે ન હોય પરંતુ જરૂરિયાત અનુસાર તેનો ઉપયોગ એ લગભગ 'જીવાદોરીલ્ર જેવી જરૂરી બાબત છે. સ્કૂલ જતાં બાળકોનું શિક્ષણ પણ આ ટેકનોલોજીને કારણે શક્ય બન્યું અને લગભગ સરળ પણ થયું. ટેકનોલોજીના અભાવે લગભગ બે વર્ષ શિક્ષણકાર્ય સદંતર બંધ રહે તો શી સ્થિતિ થાય તેનો વિચાર પણ ધ્રૂજાવી દે તેવો છે.

આપણાં સમાજ માટે જરૂર એમ કહી શકાય કે પડકારના કાળમાં સમાજ જીવન એક નવી વાઈટાલીટી મેળવે છે જે કદાચ સામાન્ય સંજોગોમાં જોવા ન પણ મળે. અહીં પણ કેટલીક બાબતોના સુખદ કે દુખદ અનુભવો થયા. સીક્કાની બે બાજુ હોય તેવું આપણાં સામાજીક જીવન વિશે છે. ઘણાં લોકો મોટી સંખ્યામાં જ્યાં મદદ માટેની જરૂર હતી ત્યાં રૂબરૂ પહોંચ્યા. ઉપરાંત પોતાના કિમતી સમય – શક્તિ તથા નાણાંથી જેમને જરૂર હતી તેવા લોકો માટે ભોજન વ્યવસ્થા કરી. કેટલીક કમર્શિયલ રેસ્ટોરાંટ પણ પાછળ ન રહી. તેઓ તો એક પગલું આગળ વધીને દર્દીના ઘર સુધી ભોજન પહોંચે તેવું માળખું ઊભું કર્યું. સહેજ પણ વળતરની અપેક્ષા સિવાય તેમણે આ કામ હોંશભેર કર્યું. આ ઉજળી વાત તથા વર્તનના આપણે સૌ ભાગીદાર કે પ્રશંસક બન્યા. આમ છતાં ઘણા પ્રસંગોમાં આસપાસ પડોશમાં રહેતા દર્દી સાથે માત્ર કલ્પિત ભયને કારણે આપણે બીન સંવેદનશીલ રહ્યા તે એક યાદ કરવી ન ગમે તેવી સ્મૃતિ છે. એકલા રહેતા વયસ્ક દંપતીના નાના મોટા કામ કરી આપનાર ડોમેસ્ટીક હેલ્પના અભાવે આ વૃધ્ધ તથા મહદઅંશે નાના કે મોટા વ્યાધિથી પીડાતા લોકો કેવી રીતે આવી જરૂરી સહાય વગર જીવન ચલાવી શક્યા હશે ? આવા દંપતીમાંથી એકને અથવા બન્નેને કોરોનાની અસર થાય ત્યારે તો તે દશા તથા વ્યથા અસહ્ય બનતી જોવા મળતી હતી. આસપાસના લોકોની હૂંફની ત્યારે ખાસ જરૂર હતી. પૂરતી સાવચેતી સાથે આ કામ કરવાની જરૂર હતી.

સામાન્ય રીતે કોઇ કારણસર અથવા ઘણીવાર કોઇ કારણ સિવાય કે સાચી જાણકારીના અભાવે આપણે સરકારી તંત્રની ટીકા કરતા રહીએ છીએ. આજ તંત્રના લોકો કોરોના સામેની લડાઇમાં મોખરે રહ્યા. દિવસો સુધી પોતાના ઘેર નાના તથા વહાલસોયા બાળકની સંભાળ લેવા યુવાન નર્સ ન જઇ શકે અને છતાં તેની માનસિક તાણ ન અનુભવે તે સામાન્ય વાત નથીજ. આ બેઝીક 'સર્વીસલ્ર ની આપણે સમાજ તરીકે જે કિંમત ચૂકવીએ છીએ તે આ સમર્પીત સેવા સામે નગણ્ય છે. કોરોના વોર્ડમાં જેમનું દુઃખદ અવસાન થયું છે તેમના મૃતદેહને આઇડેંટિફાઇ કરીને નિયમ અનુસાર કાળજીથી પેક કરનાર કર્મચારીઓની સેવા માટે બીજું શું કહી શકાય ? સમાજ તેમનો ઋણી છે અને રહેશે. હાલની સ્થિતિએ ૧૦૦ કરોડથી વધારે લોકોનું વેકસીનેશન એ પણ આપણાં તંત્ર તથા તેના કર્મયોગીઓએ સ્થાપેલો એક માઇલસ્ટોન છે. કોરોના રોગચાળાથી દૂર રહી શકાય તેવી સામાજિક વ્યવસ્થા તથા વ્યક્તિગત શિસ્ત ઊભા કરવા એ અવગણી ન શકાય તેવી બાબત છે. નૂતન વર્ષનો આપણો એ સંકલ્પ હોવો જોઈએ.

# પ્રકાશમય કોડિયાનું અનુસંધાન...



**સંવેદનનું સ્ટેટસ**
રમેશ ઠક્કર

અમસ્તી જ કદી કદી ખીલી ઉઠતી સંધ્યા એ કુદરતોનો કરિશ્મા છે..મેઘધનુષનો મુગટ એ અંબરના સ્વયંવર જેવો હોય છે..ગામડાઓમાં લોકો નિરાંતે આ બધું જોતા..શહેરને એવી પરવા હોતી નથી..મારા જેવો કોઇ રડયોખડયો આગંતુક આકાશને ફંફોસે તો લોકો માટે જોણું જ થાય..!

આકાશ એક અજુબો છે..આપણે મોબાઈલની મસ્તીમાં નતમસ્તક હોઈએ છીએ..આભને નીરખવા ઉન્નત મસ્તક બનવું પડે છે..વરસાદની હેલી પછી ઉઘાડ પામતું આકાશ નવજાત શિશુ જેવું અનાવૃત અને એટલે જ અજાયબ લાગે છે..ચોમાસાની ત્રમઝટ પછી ઉફાન ઉપરથી ઉતરતી બનાસ..અને કામલપુર ગામની આથમણી સાંજે ખીલતી સંધ્યા..આભલાનો એ ગેરૂઓ રંગ.. છેક નકલંક મહારાજની ફરફરતી ધજા સુધી ફેલાઈ જતો.ત્યારે ગામ પણ એક નવો ઉઘાડ પામતું..

કોણ જાણે કેમ લખતાં લખતાં મને ઘણીવાર કાકાસાહેબ કાલેલકર હોવાનો વહેમ થઈ જાય છે..! ×ચોમાસી સંધ્યા × નામના નિબંધમાં જુઓ એમનું વર્ણન...

×કાલ સાંજનો સૂર્યાસ્ત જોવા જેવો હતો..વાદળાં કેવળ ચાંદીનાં હતાં..તેમના ઉપર સોનાનો ઢોળ ચડાવવા જેટલું મોડું થયું ન હતું..પણ વર્ષાઋતુ હોઈ એ સજલ હતાં..સૂર્યનાં કિરણોને કેમ નચાવવાં તેની કલા તેમને જન્મથી જ અવગત..પ્રથમ ક્ષણમાં તો સૂર્ય સંન્યાસ લીધેલા કોઈ સમર્થ પુરૂષ જેવો પ્રભાવ શાળી પણ પ્રભા વિહીન લાગતો હતો..× કાકાસાહેબ પાસે શબ્દોનો જાણે કેમેરો હતો..મારી પાસે ખરેખર કેમેરો હતો અને એટલે જ આ લહાવો ગઈકાલે થોડોક કેદ થઈ ગયો.. છલકતી આ છબીઓમાં..

પગરવ વગરની ભૂમી જેવું આકાશ પોતે જ એક કોયડો છે અજાયબીનો..એને જોવા પણ સદભાગ્ય જોઈએ...મનહર મોદી સરસ લખે છે.

'તારો વિશેષ સ્પર્શ ફરી માણવા મળે
આકાશ હોય આંખમાં ને ચાલવા મળે !'

આખું આકાશ આંખમાં આંજવાની નેમ ભલે કદાચ ના હોય પણ આકાશનો એકાદ પણ ભુરો ટૂકડો કે ચકચકતું એકલદોકલ ચાંદરણું તો જોઈ જ શકાય..એટલામાં પણ આકાશનો દબદબો જોઈ શકાય છે..મહેશ યાજ્ઞિકની જેમ મને પણ ઘણીવાર કહેવાનું મન થઈ જાય છે..

' સાવ ઉઘાડું આભ ને સામે ઝરણા જેવી કેડી
આખ્ખા આ પર્વતની સાથે સીમ લીધી મેં તેડી!'

સીમને શોધવી હોય તો આભને ઉખેળવું પડે..દિવસ જયારે વિરામ લે છે ત્યારે ગગનનો એક આગવો મિજાજ પ્રગટતો હોય છે...આભને કોઈ ટેકો નથી . ક્ષિતીજો એ કોઈ માપદંડ નથી એની અસીમતાને પામવાનો..'ભૂરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકેય નથી વાદળી..'એવું નીરખવાની 'કલાપી ×દ્રષ્ટિ થોડુંઘણું એને પામી શકે..બાકી પ્રગાઢ આભને આશ્લેષમાં લેવાનું ગજું જેવા તેવાનું નથી..ઋતુઓના ઈન્ટરવલમાં આભની અવનવી છટાઓ માણી લેવી એ પણ મોકો છે પ્રકૃતિના પુરા પિકચરને માણવા માટે..

જીવનનો પોતાનો એક ઈનબિલ્ટ લય હોય છે.. એ ખોરવાય છે..અને એટલે જ એ ફરી સંધાય પણ છે.. ચડઉતર એ ફકત ચાંદા સૂરજની જ નથી હોતી..આયખાની પળોની પણ હોય છે..લેખન ત્યારે જ પ્રસવે છે જ્યારે તમે ભાવુકતાથી તરબતર થઈ જાઓ છો..

સમી સાંજનું ગાંધીનગર હંમેશાં એક નવા લયની લહેર જેવું હોય છે..અક્ષરધામથી શરૂ થતો રાજભવન રોડ 'ચ ઝીરો ' સર્કલ જતાં પુરો થાય છે..શિયાળાની આગમનની છડી પોકારતી ખટમીઠ્ઠી ટાઢ હવે ઉભા રસ્તાને આલિંગન દઈ રહી છે...એક સરસરી સફર એ કદીક ઉપહાર બની જતી હોય છે.

પડખે આવેલા ઈન્દ્રોડા ગામની સમાંતર ચાલતો હરિયાળો પટ્ટો ઢળતી સાંજને એક હાઈટ આપે છે..જે ગિર ફાઉન્ડેશનના પરિસરમાં પમરાટ બની સમાઈ જાય છે... એક જમાનો એવો પણ હતો કે આ ઉભા રોડ ઉપર છેક સરિતા ઉદ્યાનના રમણીય પટ સુધી હું એકશ્વાસે ચાલતો..આજે પણ કદીક એ રસ્તે કદમ ભરતો આદમબદમ બોલતી ઝીણી સિતારીને સાંભળી લેતો હોઉં છું.

આ રીતે શિયાળુ સ્પર્શથી મદહોશ થયેલા ઉભડક મારગ ઉપર મોહી પડવું એ મારો મુળ સ્વભાવ છે..ગુજરાતના ખૂણે ખૂણે અનેક ખેતરો ખૂંદવાનો મને મોકો મળ્યો છે પણ પાટનગરની એકાદી સડક અને સરી જતી સાંજનો જે અનુભવ હોય છે એ જ કદાચ મારી અંદરની ભીનાશને ઝંકૃત કરવા માટે પર્યાપ્ત છે..આ સડકને ભેદી કેટલીયે સવારીઓ અને માણસોની વણઝાર એમ જ વહી જાય છે કશુંય લીધા વગર ! આપણે સડકને શુષ્ક કહીએ છીએ પણ શુષ્કતા તો માણસમાં જ ભરી પડી છે !

આપણે જો કે નગરના એક સામાન્ય નાગરિક જ છીએ..છલકાઈ જવાનો કદાચ સ્વભાવ છે..કવિ હોવાનો કોઈ કસબ પણ નથી અને એવો કોઈ દાવો પણ નથી..નગરને એકતરફથી આલિંગન આપતો આ રસ્તો એકાદ પળ પણ જો તમને કાવ્યાત્મક ના બનાવે તો એનાથી મોટી કોઈ વિફળતા જગતમાં બીજી ના હોઈ શકે !

આજની સાંજે ઉડી જતા યાયાવર પક્ષીઓનાં અજાયબ ટોળું એ આકાશને ગજબ ઉંચાઈ આપી હતી... મારી અનેકવિધ અડચણો વચ્ચે વહી જતા એ વૈભવને મારા મોબાઈલમાં કેદ કરી લેવા એક રોમાંચક પ્રયાસ તો કરી જ લીધો..અને એકાદી સાર્થક ક્ષણ એમાં જીવંત બનીને સચવાઈ ગઈ..

પાટનગરમાં આજકાલ કેસરી કલરનાં કમનીય ફૂલો રસ્તાઓની વચ્ચે અદ્ભુત ખીલી ઉઠયાં છે. એનાથી મંત્રમુગ્ધ એટલો હતો કે ક્યારેય એનું નામ જાણવાનું પણ ના સૂઝ્યું... આજનો એનો વૈભવ જોઈ નામ જાણી જ લીધું...એને કોડિયાં કહે છે... નવા દિવસોમાં નવો ઉજાસ આપતાં કામલપુર ગામનાં કોડિયાં અને પાટનગરને પ્રકાશમય બનાવતાં આ પુષ્પકોડિયાં એક અનુસંધાન છે જિંદગીના લથબથતા લયનું...!

- rrthakkar2@gmail.com